દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૨૫ જૂન, ૨૦૨૬

યુરોપમાં ગરમીનું વધેલું પ્રમાણ આખા વિશ્વ માટે ભારે ચિંતાનો વિષય છે

વર્તમાન સમયમાં સમગ્ર યુરોપ ખરા અર્થમાં ભઠ્ઠીની જેમ શેકાઈ રહ્યું છે. ફ્રાન્સ, બ્રિટન, સ્પેન અને ઈટાલી જેવા દેશો, જ્યાં સામાન્ય રીતે ઉનાળો પણ ખુશનુમા હોય છે, ત્યાં આજે તાપમાનનો પારો 40 ડિગ્રીને ને પાર પહોંચી ગયો છે. આકાશમાંથી વરસી રહેલી આ આગે માત્ર જનજીવનને જ અસ્તવ્યસ્ત નથી કર્યું, પરંતુ વૈશ્વિક સ્તરે પર્યાવરણવાદીઓ અને વૈજ્ઞાનિકો માટે એક મોટો ચિંતાનો વિષય ઊભો કર્યો છે.

ફ્રાન્સમાં શાળાઓ બંધ કરવી પડી છે, નદી-તળાવોમાં નહાવા ગયેલા લોકોના ડૂબી જવાથી મોતના અહેવાલો આવી રહ્યા છે, અને કેટલાય શહેરોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પ્રશ્ન એ થાય છે કે, ઠંડી આબોહવા માટે જાણીતા યુરોપમાં આ વર્ષે આવી ભયાનક સ્થિતિ શા માટે સર્જાઈ? હવામાન વૈજ્ઞાનિકોના મતે, યુરોપમાં ચાલી રહેલી આ અભૂતપૂર્વ હીટવેવ પાછળ બે મુખ્ય ભૌગોલિક અને વાતાવરણીય પરિબળો એકસાથે સક્રિય થયા છે. જેમાં હીટ ડોમ એટલે કે વાતાવરણમાં ઉચ્ચ દબાણનો એક વિશાળ ગુંબજ (ડોમ) સર્જાયો છે. આ ગુંબજ ગરમ હવાને એક જ જગ્યાએ ફસાવી રાખે છે. સૂર્યની ગરમી પૃથ્વી પર આવે છે, પરંતુ આ ઊંચા દબાણને કારણે તે બહાર નીકળી શકતી નથી. પરિણામે, તે વિસ્તાર એક ગરમ ઓવન જેવો બની જાય છે અને દિવસ-રાત તાપમાન સતત વધતું રહે છે. જ્યારે ઓમેગા બ્લોક એટલે કે આ એક વિશિષ્ટ મોસમી પ્રણાલી છે, જેનો આકાર ગ્રીક અક્ષર 'ઓમેગા' જેવો હોય છે. આ બ્લોકિંગ સિસ્ટમને કારણે ઉત્તર આફ્રિકાના સહારા રણમાંથી આવતા અત્યંત ગરમ પવનો યુરોપ તરફ ધકેલાય છે અને ત્યાં જ અટકી જાય છે. આ પશ્ચિમી પવનોને આગળ વધતા રોકે છે, જેથી ગરમીનો ગાળો લાંબો ખેંચાય છે. હિટવેવ માટે અદ્રશ્ય પણ સૌથી મોટો વિલન ભલે હીટ ડોમ અને ઓમેગા બ્લોક તાત્કાલિક કારણો હોય, પરંતુ આ ઘટનાઓની તીવ્રતા પાછળનું અસલી કારણ ક્લાઈમેટ ચેન્જ છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી માનવીએ કાર્બન ઉત્સર્જન, જંગલોનો વિનાશ અને પ્રદૂષણ દ્વારા પૃથ્વીના કુદરતી સંતુલનને જે નુકસાન પહોંચાડ્યું છે, તેનું આ પરિણામ છે.

વૈશ્વિક તાપમાનમાં થઇ રહેલો આ વધારો આવી ચરમ મોસમી ઘટનાઓની ફ્રીકવન્સી વધારી રહ્યો છે. જે હીટવેવ દાયકાઓમાં એકાદ વાર આવતી હતી, તે હવે દર વર્ષે અથવા દર બીજા વર્ષે વધુ ઘાતક બનીને ત્રાટકી રહી છે. આ હીટવેવ માત્ર અકળામણ પૂરતી મર્યાદિત નથી, તેની અસરો બહુઆયામી અને ચિંતાજનક છે. અચાનક વધેલી ગરમીને કારણે હીટ સ્ટ્રોક, ડિહાઇડ્રેશન અને હૃદય સંબંધિત બીમારીઓ વધી છે.

ફ્રાન્સ અને સ્પેન જેવા દેશોમાં ગરમીના કારણે જાનહાનિના આંકડા વધી રહ્યા છે. નદીઓ અને જળાશયોના સ્તર ઝડપથી ઘટી રહ્યા છે, જેના કારણે પીવાના પાણીની અને વીજળીની કટોકટી સર્જાઈ શકે છે. સૂકા વાતાવરણ અને અતિશય ગરમીને કારણે યુરોપના જંગલોમાં આગ લાગવાની ઘટનાઓ પણ વકરી રહી છે, જે પર્યાવરણને વધુ પ્રદૂષિત કરે છે. યુરોપની આ સ્થિતિ સમગ્ર વિશ્વ માટે એક ચેતવણી સમાન છે.

જો વિકસિત અને પર્યાપ્ત સુવિધાઓ ધરાવતા યુરોપના દેશો આ ગરમી સામે લાચાર થઈ જતા હોય, તો એશિયા અને આફ્રિકાના વિકાસશીલ દેશો માટે આવી કટોકટી કેટલી ભયાનક હોઈ શકે તેની કલ્પના જ ધ્રુજાવી દે તેવી છે.

હવે માત્ર વાતો કે આંતરરાષ્ટ્રીય કરારો કરવાનો સમય પૂરો થઈ ગયો છે. દરેક દેશે ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં મોટો ઘટાડો કરવો પડશે, પુનઃપ્રાપ્ય ઊર્જા તરફ ઝડપથી વળવું પડશે અને શહેરી વિસ્તારોમાં ગ્રીન કવર એટલે કે વૃક્ષોનું પ્રમાણ વધારવું પડશે. જો આજે પણ માનવજાત પ્રકૃતિના આ આકરા મિજાજને સમજીને પોતાના પગલાં નહીં સુધારે, તો ભવિષ્યમાં આનાથી પણ વધુ ભયાનક દિવસો જોવા તૈયાર રહેવું પડશે. હજુ તો હીટવેવ છે પરંતુ ક્લાયમેટ ચેન્જને કારણે અતિવૃષ્ટિ કે દુકાળ પડવાની પણ સંભાવના છે. હીટવેવને તો પહોંચી વળાશે પરંતુ અતિવૃષ્ટિ અને દુકાળને કેવી રીતે પહોંચી વળવું તે મોટો પ્રશ્ન ઉભો થશે. જેને પ્રલય કહેવામાં આવતો હતો તે આ જ હોવાનું માનીને કુદરત આપણને સુધરવાની છેલ્લી તકો આપી રહી છે, નિર્ણય આપણા હાથમાં છે. જો આપણે નહીં ધ્યાન રાખીએ તો ભવિષ્યમાં ધરતીનો નાશ નક્કી છે.

દક્ષિણ કોરિયાના KOSPI ઈન્ડેક્સના પતનની ભારતીય શેરબજાર પર અસર કેમ મર્યાદિત રહી?

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

ભારતીય બજાર ઘટવાનાં મુખ્ય કારણો જોઈએ તો વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) જ્યારે વૈશ્વિક સ્તરે સાવચેતીનો અભિગમ અપનાવે છે, ત્યારે તેઓ ભારત જેવા ઉભરતાં બજારોમાંથી પણ અસ્થાયી રૂપે નાણાં ખેંચી લે છે

આજના વૈશ્વિકીકરણના યુગમાં દુનિયાના કોઈ એક ખૂણે આવતી આર્થિક સુનામીની અસર આખા વિશ્વનાં બજારો પર પડતી હોય છે. જૂન ૨૦૨૬ના પ્રારંભમાં આવી જ એક મોટી ઘટના દક્ષિણ કોરિયાના શેરબજારમાં ઘટી, જેણે સમગ્ર વિશ્વનાં રોકાણકારોને ચિંતામાં મૂકી દીધાં છે. દક્ષિણ કોરિયાનો મુખ્ય સ્ટોક ઈન્ડેક્સ KOSPI ૮ જૂનના રોજ અચાનક ૮.૩% જેટલો તૂટી ગયો. બજારમાં વેચવાલી એટલી તીવ્ર હતી કે ટ્રેડિંગ રોકવા માટે 'સર્કિટ બ્રેકર' લગાવવું પડ્યું હતું.

KOSPI એ દક્ષિણ કોરિયાનું મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ છે (જેમ ભારતમાં સેન્સેક્સ અને નિફ્ટી છે). આ ઈન્ડેક્સમાં સેમસંગ અને એસકે હાયનિક્સ જેવી વિશ્વવિખ્યાત સેમિકન્ડક્ટર અને ટેક્નોલોજી કંપનીઓનો મોટો હિસ્સો છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના અસાધારણ boomના કારણે આ ઈન્ડેક્સમાં ૭૦%થી ૧૦૦% સુધીનો જંગી ઉછાળો આવ્યો હતો, પરંતુ નફાખોરી અને વૈશ્વિક દબાણના કારણે તે અચાનક પત્તાના મહેલની જેમ તૂટી પડ્યો. ૨૦૦૮ની વૈશ્વિક આર્થિક મંદી પછીની આ સૌથી મોટી એકદિવસીય ઘટનાઓમાંની એક માનવામાં આવે છે.

દક્ષિણ કોરિયાના બજારમાં આવેલા આ કડાકા પાછળ કોઈ એક કારણ નથી, પરંતુ વૈશ્વિક સ્તરે બનેલી કેટલીક નકારાત્મક ઘટનાઓ જવાબદાર છે. KOSPI ઈન્ડેક્સમાં એકમાત્ર સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ અને એસકે હાયનિક્સ જેવી ટેક કંપનીઓનું વજન ૪૦% કરતાં વધારે છે. અમેરિકાની મોટી ટેક કંપની Broadcomનાં ત્રિમાસિક પરિણામો નબળાં આવ્યાં અને અમેરિકન બજારોમાં AI શેરની તેજી નબળી પડવા લાગી. આના કારણે વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી શેરોમાં ભારે વેચવાલી શરૂ થઈ ગઈ, જેની સીધી અસર કોરિયાના બજાર પર પડી અને સેમસંગ જેવી કંપનીઓના શેર એક જ દિવસમાં ૬ થી ૧૨% સુધી તૂટી ગયા. ઉપરાંત અમેરિકાની 'ફેડરલ રિઝર્વ' વ્યાજદરમાં ઘટાડો નહીં કરે એવી શક્યતા, ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો તણાવ તેમજ વિદેશી રોકાણકારોની આક્રમક વેચવાલી જવાબદાર ગણી શકાય. કોરિયાના આ ક્રેશની અસર 'ડોમિનો ઈફેક્ટ'ની જેમ સમગ્ર વિશ્વનાં બજારોમાં જોવા મળી. બજાર તૂટવાના ડરે રોકાણકારોએ શેરો વેચીને સોના જેવી સુરક્ષિત સંપત્તિ ખરીદવાનું શરૂ કર્યું, જેને કારણે સોનાના ભાવમાં ઉછાળો જોવા મળ્યો. ભારતીય શેરબજાર હવે વૈશ્વિક બજારો સાથે ખૂબ જ મજબૂતાઈથી જોડાયેલું છે. આથી, જ્યારે કોરિયન બજાર તૂટ્યું, ત્યારે તેની અસર ભારતના શેરબજારમાં પણ જોવા મળી. ભારતીય બજાર ઘટવાનાં મુખ્ય કારણો જોઈએ તો વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) જ્યારે વૈશ્વિક સ્તરે સાવચેતીનો અભિગમ અપનાવે છે, ત્યારે તેઓ ભારત જેવા ઉભરતાં બજારોમાંથી પણ અસ્થાયી રૂપે નાણાં ખેંચી લે છે. બીજું, ભારતની ઘણી ટેકનોલોજી અને ફાર્માસ્યુટિકલ કંપનીઓ અમેરિકા અને દક્ષિણ કોરિયાની સપ્લાય ચેઈન સાથે જોડાયેલી છે. કોરિયાની ટેક કંપનીઓ પર સંકટ આવતા ભારતીય આઈટી સેક્ટરમાં પણ વેચવાલીનું દબાણ વધ્યું. ઉપરાંત કાચા તેલના ભાવ વધવાથી ભારત માટે આયાત મોંઘી બને છે, જેનાથી રૂપિયો નબળો પડે છે અને દેશમાં મોંઘવારી વધવાની ચિંતા ઊભી થાય છે. જો કે, સૌથી રાહતની વાત એ રહી કે જ્યારે અન્ય એશિયાઈ બજારો ૪% થી ૮% સુધી તૂટી રહ્યા હતા, ત્યારે આપણું ભારતીય બજાર માત્ર ૧%ની આસપાસ ઘટીને સ્થિર થઈ ગયું. ભારત આ મોટી સુનામી સામે મજબૂતાઈથી ટકી રહ્યું તેનાં મુખ્ય કારણો જોઈએ તો ભારતમાં ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (DIIs) જેવા કે મ્યુચ્યુઅલ ફંડ્સ, એલઆઈસી અને સામાન્ય ભારતીયો દ્વારા થતું SIPનું રોકાણ એટલું મજબૂત છે કે વિદેશીઓની વેચવાલી સામે બજારને મોટો ટેકો મળી રહે છે. ભારતનો જીડીપી ગ્રોથ રેટ વિશ્વના અન્ય દેશો કરતાં ઘણો સારો છે. જ્યારે આઈટી શેરો તૂટી રહ્યા હતા, ત્યારે નિફ્ટી બેન્કિંગ અને કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) સેક્ટરમાં ખરીદી નીકળતાં બજારને મોટો કડાકો ખાતાં બચાવી લીધું.

શું આ લાંબા ગાળાની મંદી છે? શેરબજારના ઈતિહાસ પર નજર નાખીએ તો ખ્યાલ આવે છે કે જ્યારે કોઈ પણ ઈન્ડેક્સ ટૂંકા સમયમાં બહુ મોટી તેજી જોઈ લે છે, ત્યારે તેમાં મોટો ઘટાડો આવવો સ્વાભાવિક છે. આને માર્કેટની ભાષામાં 'પ્રોફિટ બુકિંગ'કે 'કરેક્શન' કહેવામાં આવે છે. ભારતીય બજારે પણ વર્ષ ૨૦૨૦ (કોરોના કાળ) અને ૨૦૨૪-૨૫ દરમિયાન આવી અનેક વૈશ્વિક અસ્થિરતાઓ જોઈ છે. ૨૦૦૮ની મહામંદી હોય કે યુદ્ધની પરિસ્થિતિ, બજાર થોડા સમય માટે ચોક્કસ ઘટે છે, પરંતુ દેશના આર્થિક પાયા મજબૂત હોય તો તે બમણી ઝડપે પાછું ઊભું થઈ જાય છે. જો તમે શેરબજાર અથવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો છો, તો તમારા માટે આ ઘટના ત્રણ મહત્ત્વના પાઠ શીખવે છેઃ તમારાં બધાં નાણાં ક્યારેય કોઈ એક સેક્ટર (જેમ કે માત્ર IT કે માત્ર સેમિકન્ડક્ટર) માં ન રોકો. હંમેશા અલગ-અલગ સેક્ટર્સ અને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં વહેંચીને રોકો જેથી જોખમ ઘટે. ટૂંકા ગાળાના ટ્રેડિંગમાં હંમેશા 'સ્ટોપ-લોસ'નો ઉપયોગ કરો અને લાંબા ગાળાના વિઝન સાથે રોકાણ ચાલુ રાખો. બજારના આવા કડાકા ગુણવત્તાવાળા શેર સસ્તા ભાવે ખરીદવાની ઉત્તમ તક પૂરી પાડે છે.

માત્ર સ્થાનિક સમાચાર જ નહીં, પરંતુ અમેરિકાના વ્યાજદર, આંતરરાષ્ટ્રીય રાજનીતિ અને વિદેશી રોકાણકારોના વલણ પર પણ નજર રાખવી જરૂરી છે. જૂન ૨૦૨૬નો આ KOSPI ક્રેશ એ વાતનું જીવંત ઉદાહરણ છે કે આજના સમયમાં દુનિયાનાં અર્થતંત્રો એકબીજા સાથે કેટલા ઊંડાણપૂર્વક જોડાયેલાં છે. ભારતીય બજારો પર તેની અસર મર્યાદિત રહી તે સાબિત કરે છે કે આપણું આર્થિક માળખું અને ડિજિટલ અર્થતંત્ર ખૂબ જ સુરક્ષિત અને મજબૂત સ્થિતિમાં છે. આવા સમયે સામાન્ય રોકાણકારોએ ગભરાઈને નુકસાનમાં શેર વેચવાના બદલે ધીરજ અને સમજદારીથી કામ લેવું જોઈએ. વૈશ્વિક અનિશ્ચિતતાનાં આ વાદળો વચ્ચે પણ ભારતની મજબૂત આર્થિક સ્થિતિ વિશ્વભરનાં રોકાણકારો માટે એક આશાનું કિરણ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

અમે વનવગડાનાં ફૂલ, આજનું બાળક નર્સરીનું ફૂલ!

આપણે અંગ્રેજોથી આઝાદી મળી પછીના ૨૦ થી ૩૦ વર્ષ ખૂબ જ ખરાબ હતા કારણ કે અંગ્રેજોએ જ્યારે દેશ છોડીને ગયા ત્યારે તિજોરી ખાલીખમ હતી અને વિકાસના નામે કાંઈ હતું નહીં એટલે વિકાસ કરવામાં અને ગરબીથી બહાર આવવામાં આપણી પ્રજા એ ઘણી લાંબી મજલ કાપવી પડી છે હું મારું બાળપણ યાદ કરું તો પ્રથમ તો સ્કૂલ નુ ભણતર યાદ આવી જાય 1966 મા હુ સ્કુલ મા દાખલ થયો ત્યારે એસ એમ સી સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ભણતર હતું ઘરેથી સ્કૂલે જઈએ તો રીશેષમાં નાસ્તા માટે લંચ બોક્સ હોય નહીં પરંતુ ઘરેથી પાંચ પૈસાનો સિક્કો આપ્યો હોય તેનાથી ફળ કે ખમણ કે બિસ્કીટ નો નાસ્તો થઈ રહેતો તે જમાનામા ઘણા લોકોની આર્થિક સ્થિતિ એટલી સારી ન હતી બાળક માટે બનાવેલા બે પેન્ટ વર્ષ સુધી ચલાવવા પડતા અને પાછળ ગસાઈને કાણા પડી જતા તો ઠીગડા મારીને પણ એ પેન્ટ પહેરવા પડતા લગ્ન પ્રસંગે જમવાનું હોય ત્યારે કેટલાય પાસે પહેરવા નવી પેન્ટ ના હોય તો પછી પાછળના ઠીંગડા ન દેખાય તે માટે થોડો લાંબો શર્ટ પહેરીને ચલાવી લેવું પડતું આજે બાળક ત્રણ વર્ષનું થાય એટલે તેને નર્સરીમાં દાખલ કરી દેવામાં આવે છે ત્યારથી એને ટિફિન બોક્સ મળી જાય દફ્તર મળે સ્કૂલે જવા વેન કે રીક્ષા હોય અને તમામ સુખ સગવડો સાથે આજનું બાળક ભણતુ હોય છે ત્યારે એવું થાય કે આપણે તો વન વગડા ના ફુલ હતા આજનું બાળક એ નર્સરીનું ફૂલ કહેવાય

સુરત - વિજય તુઈવાલા

રૂપિયાનાં રૂપ

વન્ય જીવન ત્યજીને માનવ કુટુંબ - સમાજ વ્યવસ્થા સાથે આગળ વધ્યો અને ખેતીવાડી તરફ વળ્યો. તે પછી વસ્તુ વિનિમય આદાન-પ્રદાન સાથે જીવનવ્યવહાર તરફ વળ્યો ત્યારે ભારે ક્રાન્તિ થઈ, પણ કોઈ વસ્તુનું ચોક્કસ મૂલ્ય નક્કી નહોતું એટલે વિનિમય માટે જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ થવા લાગ્યો. પ્રારંભમાં કોડીથી માંડીને હાથી દાંત સુધીનો ઉપયોગ ચલણ તરીકે થતો રહેતો. અંતે સોના-ચાંદી અને અન્ય ધાતુઓના સિક્કાનું ચલણ ચાલ્યું. ધાતુઓના સિક્કાઓના વજનને લીધે હેરફેર અઘરી લાગી, એટલે કાગળનું ચલણી નાણું શોધાયું. કાગળની ચલણી નોટો મૂલ્ય મુજબની સાઈઝમાં સરકારી માન્યતા સાથે ચાલવા લાગી. કાગળની નોટો બગડી કે ફાટી જઈ શકે છે, તે કારણે દર વર્ષે નવી નોટો સરકાર છાપે છે, તેનો પ્રિન્ટિંગ ખર્ચ વધતો રહે છે. હવે તો ડિજિટલ પેમેન્ટનું પ્રમાણ પણ વધી રહ્યું છે, છતાં રોકડની માંગ ઘણી છે. ભારતે એક જ વર્ષોમાં ત્રેવીસ પોઈન્ટ આઠ બજની ગંદી નોટો બજારમાંથી પાછી ખેંચીને નાશ કરવા પાછળ ખર્ચ કર્યો. હાલમાં પર્યાવરણને અનુલક્ષીને પ્લાસ્ટિકનો નાશ કરવા ઝુંબેશ ચાલી રહી છે. પ્લાસ્ટિકની નોટોની આયુષ્ય કાગળની કરન્સીની તુલનાએ ત્રણથી ચાર ગણી વધારે છે. કાળા નાણાંની દૂર નોટબંધીનો ઈલાજ પણ આદરવામાં આવ્યો. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા રૂપિયા સો, બસો પાંચસોની નોટોને પ્લાસ્ટિક એટલે કે પોલીમર નોટોમાં બદલવાની યોજના પર કામ કરી રહી છે. વ્યવહારમાં રૂપિયાનાં રૂપ બદલાઈ રહ્યાં છે, ચલણી નાણું સ્વરૂપ બદલીને પણ કાયમ રહેશે.'

સુરત - યુસુફ એમ. ગુજરાતી

સમાજ રચના કુટુંબ વ્યવસ્થા માં નિયમો ની અવગતિ

આજકાલ ઘણાં એવા સમાચાર સાંભળવા મળે છે કે જેમાં પોતાના સુખ માટે નીતિ નિયમો ને નેવે મૂકી દેવાય છે. અને બોલિવુડ નો પ્રભાવ આમ જીવનમાં વધતો જાય છે.એટલી હદે કે જાણીતા માનિતા કલાકાર કંઈ પણ કરે તો સહજતા થી લેવામાં આવે છે. જીવન સંધ્યા ને સ્પર્શતી ઉંમરમાં લગ્ન એકવાર નહીં બે વાર નહીં પરંતુ ત્રણ વાર લગ્ન કરે છે માત્ર પ્રખ્યાત થવાની આ ચેસ્ટા ને લોકો હોતા હૈ ચલતા હૈ એવા વલણ થી સ્વીકારે છે એટલું જ નહી ત્રણેય પત્ની તેમજ તેમના સંતાનો ને પણ આમાં કંઈ અજુગતું નથી લાગતું. બોલીવુડ,સોશિયલ મીડિયા ,અનેક ડિજિટલ પ્લેટફોર્મ પર દર્શાવતી સામગ્રી વિના રોક ટોક ચાલે છે લોકો તે જુએ છે અને આ દ્રશ્યો વાસ્તવિકતા માં ક્યારે પરિણમે છે તે ખબર નથી પડતી. સંસ્કાર ,દરેક સંબંધો ની ગરિમા કેવી રીતે જળવાઈ રહે તે માટે ના ઉચિત પગલાં લેવાનો સમય આવી ગયો છે.

સુરત -સીમા પરીખ

પાપારાઝી - કેમેરાવાળા જાસૂસ!

પાપારાઝી એટલે ચોરી-છુપીથી સેલિબ્રિટીના ફોટા પાડનારા. ઈટાલિયન શબ્દ. સ્ટારનો પીછો કરવો, ઝાડ પાછળ સંતાવું, ટેલીલેન્સથી ઘરમાં ડોકિયું કરવું - એ જ એમનો ધંધો!Viral Bhayani, Manav Manglani જેવા પાપારાઝી સ્ટારથી વધુ ફેમસ છે. "સારા અલી ખાન જિમ બહાર સ્પોટેડ - દર 5 મિનિટે અપડેટ! સ્ટાર કહે છે "પ્રાઈવસી જોઈએ", પણ ફિલ્મ રિલીઝ વખતે જાતે જ પાપારાઝી બોલાવે! કારણ?! પબ્લિસિટી વગર ફિલ્મ ન ચાલે! કાયદોઃ પબ્લિક પ્લેસમાં ફોટા પાડવા ગુનો નથી, પણ બેડરૂમમાં ડોકિયું કરવું, બાળકોનો પીછો કરવો = ગુનો!પાપારાઝી જરૂરી છે?! હા, લોકોને જાણવાનો હક છે. ના, સ્ટાર પણ માણસ છે! યાદ રાખોઃ આપણે જ સ્ટારની પર્સનલ લાઈફ જોવા માંગીએ છીએ, એટલે પાપારાઝીનો ધંધો ચાલે છે!

સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન

લિયોનેલ મેસ્સી 24 જૂન : હેપ્પી બર્થ ડે

આજકાલ 2026 ફિફા વર્લ્ડકપમાં લિયોનેલ મેસ્સીનું નામ સૌને મોઢે ગુંજી રહ્યું છે. તેમનો જન્મ 24 જૂન 1987ના રોજ આર્જેન્ટિનાના રોઝારિયો શહેરમાં થયો હતો. તેમના પિતા સેલિયા હલીનર તરીકે. મેસ્સીને નાની ઉંમરે ગ્રોથ હોર્મોનના ઉણપની બિમારી હતી જેને કારણે તેમનો શારીરિક વિકાસ અને ઉંચાઈનો વિકાસ અટકી ગયો હતો. છતાં તેણે ખૂબ નાની ઉંમરથી જ ફુટબોલ રમવાનું શરૂ કર્યું હતું. પરંતુ મેસ્સીની ફુટબોલ રમતની અદભૂત કુશળતા જોઈને એક સ્પેનિશ ક્લબે તેની યુથ એકેડેમીમાં સામેલ કર્યો અને આ ક્લબે તેની સારવારનો તમામ ખર્ચ પણ ઉપાડ્યો. આથી મેસ્સીનો સમગ્ર પરિવાર સ્પેન શિફ્ટ થઈ ગયો. મેસ્સીની દાદી તેને ફૂટબોલની રમતમાં ખૂબ પ્રોત્સાહિત કરતી હતી. તે ફુટબોલની રમતમાં ખૂબ ઉંચાઈ પર હતો છતાં તે તેની બાળપણની મિત્ર એન્ટોનેલા રોકુઝ્ઝાને ભૂલ્યો નહોતો. 2019માં તેણે એન્ટોનેલા સાથે લગ્ન કરી દીધા. 2026 ફિફા વર્લ્ડકપમાં અલ્જિરીયા સામે એક શાનદાર હેટ્રિક ફટકારીને પોતાની ટીમને 3 - 0 થી જીત અપાવી. ક્લોસની બરાબરી કરવા પર મેસ્સીએ ખૂબ નમ્રતાપૂર્વક કહ્યું કે ક્લોસ અને રોનાલ્ડો જેવા દિગ્ગજો સાથે તે સ્થાન પર પહોંચવું એ એક સન્માનની વાત છે. હું છું કે રોનાલ્ડો મારા માટે મહાન ખેલાડી છે. મેદાન પર તે અત્યંત આક્રમક ખેલાડી હોવા છતાં વ્યક્તિગત જીવનમાં તે ખૂબ જ શાંત અને પરિવાર પ્રેમી છે. અત્યાર સુધીની કારકિર્દીમાં મેસ્સીએ 910 ગોલ કરી નાખ્યા છે. પણ તે કહે છે કે '' મારા માટે આ માત્ર આંકડો છે, તેનાથી વિશેષ કઈ નહિ''! લીયો મેસ્સી ફાઉન્ડેશન દ્વારા તે બાળકોના શિક્ષણ અને આરોગ્ય માટે ખુબ મદદ કરે છે!

સુરત - ડો.કિરીટ એન. ડુમસિયા

રીક્ષાવાળાઓનાં ગેરકાયદેસર દબાણ

સુરતના રાજમાર્ગ એવો ચૌટાપુલથી ભાગાતળાવ સુધીના વિસ્તારમાં રીક્ષાચાલકો લાઈનબંધ રીક્ષાઓ ઊભી રાખીને ગેરકાયદેસર દબાણ ઊભું કરે છે જેનાં વિપરીત પરિણામ અસર ત્યાંના સ્થાનિક દુકાનદારો અને રાહદારી માટે મુશ્કેલી અને ટ્રાફિક જામ થવાની પણ સમસ્યા ઉદ્ભવે છે. આ અંગે મનપા દબાણ ખાતું અને મ્યુ કમિશ્નરના સંયુક્ત સંકલન દ્વારા જરૂરી કાર્યવાહી કરીને તાત્કાલિક આ રીક્ષાચાલકો દ્વારા ઊભા કરેલા રસ્તાઓ પરના દબાણની સમસ્યા દૂર કરે જે જનહિતમાં જરૂરી છે.

સુરત – રાજુ રાવલ

સમય પહેલાં ચેતી જાઓ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ગુરુ પોતાના નવા શિષ્ય સાથે કાચા રસ્તાથી એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા, શિષ્ય નવો નવો હતો એટલે તેને શીખવાનું બહુ ધગશ હતી. તેણે ગુરુજીને કહ્યું, ''ગુરુજી, આ માર્ગમાં ચાલતાં ચાલતાં મને કૈંક પાઠ શીખવો ને તો સમય પણ પસાર થશે, સારો ઉપયોગ થશે અને મને શીખવા મળશે.'' ગુરુજીએ કહ્યું, ''ભલે, પહેલાં જો આ રસ્તામાં જે ઘાસ ઊગ્યું છે ને તેને ઉખાડી નાખ.'' શિષ્યને કંઈ સમજાયું નહિ પણ ગુરુજીએ કહ્યું છે એટલે કોઈ પ્રશ્ન પૂછ્યા વિના તેણે પળવારમાં ઘાસને ઉખાડીને ફેંકી દીધું.

બંને જણ થોડા આગળ ચાલ્યા. રસ્તાની બંને બાજુ નાના નાના છોડ હતા. ગુરુજીએ છોડ તરફ આંગળી ચીંધતાં કહ્યું, ''આ બંને બાજુના નાના નાના છોડ ઉખેડી નાખ.'' શિષ્યે તરત જ નાના છોડ એક જ ઝટકામાં ઉખેડી નાખ્યા.

બંને જણ રસ્તામાં આગળ વધી રહ્યા હતા. ગુરુજી શિષ્યને કંઈ શીખવતા કે સમજાવતા ન હતા અને શિષ્યને શીખવાની તાલાવેલી લાગી હતી.આગળ રસ્તામાં એક મોટો છોડ દેખાયો. ગુરુજીએ શિષ્યને તે છોડ પણ ઉખેડી નાખવા કહ્યું... શિષ્યે કમર કસી ઘણું જોર લગાવી તે મોટો છોડ પણ ઉખેડી નાખ્યો. હવે શિષ્યને થયું, ગુરુજી આમ બધું ઉખેડવાનું શું કામ કહે છે, કંઈ સમજાતું નથી.આગળ જતાં એક વડનું ઝાડ આવ્યું. ગુરુજીએ શિષ્યને કહ્યું, ''જા આ વડનું ઝાડ પણ જમીનમાંથી ઉખેડી નાખ.'' શિષ્ય ચમક્યો અને તરત બોલ્યો, ''ગુરુજી, તમે કેવી વાત કરો છો, આ વડનું ઝાડ છે, વર્ષો જુનું ઝાડ છે અને તેનાં મૂળિયાં જમીનમાં બહુ ઊંડે સુધી હશે. આ ઝાડને હું શું, કોઈ ઉખેડી ન શકે.તમે કહ્યું એટલે ઘાસ ,નાના છોડ અને મોટો છોડ મેં ઉખેડી નાખ્યા પણ મને માફ કરો હું આટલું મોટું વૃક્ષ નહિ ઉખેડી શકું.ગુરુજી, તમે મને કૈંક તો શીખવાડો.''

ગુરુજી બોલ્યા, ''હું તને ક્યારનો એક પાઠ શીખવાડી રહ્યો છું, ચલ, આ ઝાડની છાયામાં બેસીને સમજાવું.''

ગુરુજી અને શિષ્ય વડની છાયામાં બેઠા.ગુરુજી બોલ્યા, ''આજના પાઠમાં હું તને શીખવાડવા માંગું છું કે જીવનમાં સમય પર ચેતી જવું જરૂરી છે.ખરાબ આદતો, ખરાબ કામો, ખરાબ સંગત, ખરાબ લોકોથી ચેતી જઈને જેમ બને તેમ જલ્દી દૂર થઈ જવું જોઈએ. જો આ ખરાબ આદતો ,કામો, સંગતનાં મૂળ બહુ ઊંડાં નહિ ગયાં હોય તો ઘાસ અને નાના છોડની જેમ તેને ઉખેડીને ફેંકી શકાશે.મૂળ થોડાં વધુ ઊંડાં હશે તો પણ મહામહેનતે મોટા છોડની જેમ ઉખેડી શકાશે પણ જો વર્ષોવર્ષ ખરાબ આદતો, ખરાબ કામો, ખરાબ સંગત, ખરાબ લોકો સાથે રહીને મૂળ ઊંડાં ઊતરી ગયાં હશે તો આ વડના ઝાડની જેમ તેને ઉખેડવું મુશ્કેલ થઈ જશે એટલે જેમ બને તેમ જલ્દી ચેતી જઈને દૂર થવું અને જીવનમાંથી તેની અસરને મોડું થાય તે પહેલાં ઉખેડી નાખવી જરૂરી છે.'' ગુરુજીએ શિષ્યને માર્ગમાં ચાલતાં ચાલતાં સુંદર શીખ આપી.

આગ લાગ્યા પછીય કૂવો ખોદાતો નથી

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

સવાલ એ છે કે આવી દુર્ઘટનાઓમાંથી કોઈ કશું શીખ્યું ખરું? એમ લાગે છે કે કાનૂનભંગ આપણા માટે ગૌરવ લેવાની બાબત છે. અકસ્માતની ગંભીરતા હજી આપણે સમજતાં નથી, બલ્કે સમજવા માંગતા નથી

પહેલી વાર થાય તો એ ચૂક યા ભૂલ ગણાય. બીજી વાર થાય તો આદત અને ત્રીજી વાર થાય તો એને લક્ષણ કહી શકાય. કોઈ પણ દુર્ઘટના, ખાસ કરીને માનવસર્જિત દુર્ઘટના માટે આ લાગુ પાડી શકાય. 1997માં દિલ્હીના ઉપહાર સિનેમા થિયેટરમાં લાગેલી આગે અનેકોનો ભોગ લીધેલો. એ પછી જૂન, 2026ના પ્રથમ સપ્તાહમાં દિલ્હીના માલવીય નગરમાં લાગેલી આગમાં અનેક હોમાયાં. આ બન્ને દુર્ઘટનાઓની વચ્ચે દિલ્હીમાં આ ત્રીસેક વર્ષના ગાળામાં આગ લાગવાની અનેક દુર્ઘટનાઓ બનતી આવી છે.

માત્ર દિલ્હી જ શું કામ, બીજાં અનેક શહેરોમાં આગ અને તેના થકી થયેલી જાનહાનિના સમાચાર આવતા રહે છે. આ લખાય છે ત્યારે લખનૌના કોચિંગ સેન્ટરની આગમાં પંદરેક વિદ્યાર્થીઓનો ભોગ લેવાયાના સમાચાર છે.ઔદ્યોગિક એકમોમાં લાગતી આગની વાત અલગ છે. આ તો રહેણાંક વિસ્તારો યા એવા સ્થળે લાગતી આગની વાત છે કે જ્યાં સામાન્યપણે અવરજવર પુષ્કળ રહેતી હોય.આગ, તેનાથી થયેલી જાનહાનિ, એ દરમિયાન મહેકી ઊઠેલી માનવતાની ઘટનાઓ, આગનાં સંભવિત કારણ, સુરક્ષાનિયમોના પાલનમાં લેવાયેલી બેકાળજી વગેરે બાબતો અખબારોમાં સમાચાર તરીકે બે-ચાર દિવસ આવે છે અને પછી વિસરાઈ જાય છે.

સવાલ એ છે કે આવી દુર્ઘટનાઓમાંથી કોઈ કશું શીખ્યું ખરું? એમ લાગે છે કે કાનૂનભંગ આપણા માટે ગૌરવ લેવાની બાબત છે. અકસ્માતની ગંભીરતા હજી આપણે સમજતાં નથી, બલ્કે સમજવા માંગતા નથી. અકસ્માતનાં કારણોમાં મોટા ભાગે માનવીય ચૂક અને સુરક્ષા પ્રત્યેની બેકાળજી જેવાં કારણો મુખ્ય હોય છે. અકસ્માતમાં જાનહાનિ થાય ત્યારે એ કેવળ આંકડાનો ખેલ બની રહે છે. જે પરિવારે પોતાનું સ્વજન ગુમાવ્યું હોય એના માટે એ કાયમી ખોટ છે, પણ આવા કિસ્સે તેમને કાં વળતર આપીને, કે પછી ધાકધમકીથી મામલો આગળ વધવા દેવાતો નથી.

તંત્રે આગની સામે સુરક્ષા માટેના નિયમો-કાનૂનોની જોગવાઈઓ ઊભી કરી છે અને તેના પાલનમાં આકરી કડકાઈ દાખવવામાં આવતી હોવાનું દેખાવા છતાં ધરાર આ નિયમોની અવગણના થતી જણાય છે. એનો અર્થ એ થયો કે કાં આ નિયમોનો કોઈને ડર નથી કે પોતાની સલામતિની પડી નથી, કે પછી નિયમપાલન બાબતે તંત્ર એટલું સજાગ નથી.

નિયમભંગ બદલ આકરો દંડ હોવા છતાં તેનો સરેઆમ ભંગ થઈ રહ્યો હોય અને તેનું પરિણામ આવી ગંભીર દુર્ઘટના હોય, એ પણ વારંવાર, તો મામલો કંઈક જુદો હોય એમ લાગે. એ ઉઘાડી હકીકત છે કે કોઈ પણ બાબત અંગેનો કાનૂન જેટલો કડક, એનો અમલ કરવામાં ભ્રષ્ટાચારનો અવકાશ વધુ. કેવળ કાગળ પર કાનૂન બનાવી દેવાથી શું થાય? અને એના અમલ બાબતે અદાલત તંત્રને કે સરકારને ઠપકો આપે એનાથી પણ શું થાય? ઘણી વાર તો એમ લાગે કે અમુક કાયદા તેના મૂળભૂત હેતુને બદલે જાણે કે તેના ભંગના દંડની આવક વધારવા ન થયા હોય? આના માટે નાગરિકોય ઓછાં જવાબદાર નથી. દ્વિચક્રી વાહનચાલકોની સુરક્ષા માટે હેલ્મેટ પહેરવાના કાયદાની વાત કરીએ તો ગુજરાતમાં જેટલી વાર એ કાયદાનો અમલ કરવાની તૈયારી થાય કે નાગરિકોમાં વિરોધનો સૂર ચાલુ થઈ જાય અને એવું સમૂહગાન ચાલુ થઈ જાય કે અમારું રક્ષણ અમે કરીશું.

એ અમારી મરજીની વાત છે. સરકારે એમાં દખલઅંદાજી કરવી નહીં. ગુજરાત સિવાયનાં અન્ય રાજ્યોમાં આ નિયમ બરાબર અમલમાં છે. અમુક રાજ્યોમાં તો વાહન હંકારનાર ઉપરાંત પાછળ બેસનાર માટે પણ હેલ્મેટ પહેરવી ફરજિયાત છે. ભલે ને એ મહિલા કેમ ન હોય! છતાં ગુજરાતમાં આના અમલની વાત આવે એટલે નાગરિકો મેદાનમાં આવી જાય છે. રાજકારણીઓ પણ પછી પોતાની લોકપ્રિયતા ગુમાવી બેસવાના ડરને લઈને એ મુદ્દાને છોડી દે છે.

આગની સામે સુરક્ષાના નિયમ બાબતે અનેક વાર વડી અદાલતો ટકોર કરે છે. હવે નવી બનતી ઈમારતોમાં જોગવાઈ કદાચ સહેલાઈથી થઈ શકે એમ છે, અલબત્ત, તે ખર્ચાળ પણ છે. જૂની ઈમારતોમાં તેનો અમલ મુશ્કેલ હોઈ શકે. સવાલ એનો નથી. સવાલ છે દાનતનો. આવી દુર્ઘટનાઓ બનવાનું પ્રમાણ વધી રહ્યું હોય ત્યારે તેના અમલ બાબતે બેપરવા રહેવું ન પાલવે. છતાં એમ જ થાય છે. કદાચ સૌને એમ હશે કે આપણે ત્યાં આગ ક્યાં લાગવાની છે!

અનેક લોકોનાં કમોત થવા છતાં હજી આપણી આંખ ઉઘડતી નથી અને આપણી આંખ ન ઉઘડે તો પછી સંબંધિત અધિકારી કે સરકારી વિભાગ પાસે આપણે જવાબદારીની અપેક્ષા શી રીતે રાખી શકીએ! અકસ્માતો થાય ત્યારે બે-ચાર નાનાં માથાં પર શિક્ષાત્મક કાર્યવાહી થાય એ પછી બધું ઠેરનું ઠેર. આ શિક્ષાત્મક કાર્યવાહીમાં મોટે ભાગે 'શોધી ચઢાવો શૂળીએ, જાડા નરને જોઈ' પ્રકારની હોય છે. એ પછી અકસ્માત નિવારવાની દિશામાં ભાગ્યે જ કશું કામ થાય છે. ક્યારેક તપાસસમિતિઓ નીમાય, પણ તેના દ્વારા થતી તપાસ અને તેના અહેવાલો આવે ત્યાં સુધીમાં બધું ભૂલાઈ ગયું હોય કે નવો કોઈ અકસ્માત થઈ ગયો હોય. તપાસસમિતિના અહેવાલો પણ આવે એના ભેગા છાજલીએ ચડાવી દેવામાં આવે છે. તેની કોઈ ગંભીરતા ભાગ્યે જ જોવા મળે છે. આ આખા મામલે આપણી, એક નાગરિક તરીકેની કશી જવાબદારી હોઈ શકે ખરી? હોય તો શી? આ મુદ્દો વિચારવા જેવો છે. હવે તો દરેક મુદ્દાને રાજકીય રંગ આપવાનું વલણ સામાન્ય બની ગયું છે અને 'નાગરિક'ની વ્યાખ્યા જ નવેસરથી કરવી પડે એવી સ્થિતિ છે, ત્યાં બીજી શી અપેક્ષા રખાય?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.